For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

એકતાનગરના વિકાસને ૪૨૬.૭૦ કરોડની ભેટ: પ્રવાસનથી લઈને માળખાગત સુવિધાઓ સુધી નવા પ્રોજેક્ટ્સ

વડાપ્રધાનના હસ્તે ૨૫ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત; ૧૯ પ્રોજેક્ટ્સ પૂર્ણ, ૬નાં કામનો પ્રારંભ

૩૦૭.૮૦ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ

૧૧૮.૯૦ કરોડનાં છ કાર્યોનું ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) રાજપીપળા તા.31

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દરમિયાન એકતાનગરને ૪૨૬.૭૦ કરોડના વિકાસકાર્યોની ભેટ મળી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કુલ ૨૫ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પૂર્ણ થયેલા ૧૯ વિકાસકાર્યો પાછળ ૩૦૭.૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. તેમાં ૫૦ કરોડના ખર્ચે IRCTC હોટલ, ૪૫.૫૦ કરોડનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૨૧.૪૦ કરોડનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મુખ્ય છે. આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટીની ફસાડ લાઈટિંગ, ટ્રાવેલેટર્સ સુવિધા, પરેડ ટ્રેક, નવી બોટ, ઘાટનું સૌંદર્યીકરણ, રેઈન ફોરેસ્ટ પ્રોજેક્ટ અને ગ્લો ગાર્ડનના અપગ્રેડેશન સહિતનાં કાર્યોનો સમાવેશ થાય છે.

વિવિધ છ વિકાસકાર્યો માટે ૧૧૮.૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેમાં ૫૯.૩૦ કરોડનો ગોરા-ભદ્રા રોડ, ૩૬.૬૦ કરોડનો સ્માર્ટ ઝીરો વેસ્ટ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ, ખલવાની બ્રિજ અને ઈકો ટુરિઝમનો વિકાસ તથા નર્મદાના પાણીથી તળાવો ભરવાના કાર્યનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટ્સથી એકતાનગરમાં પ્રવાસન, પરિવહન, સ્વચ્છતા, જળ વ્યવસ્થાપન અને આધુનિક માળખાગત સુવિધાઓને વેગ મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને વૈશ્વિક કક્ષાના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દિશામાં પણ આ વિકાસકાર્યો મહત્વપૂર્ણ બની રહેશે.



સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબને વડાપ્રધાન મોદીની પુષ્પાંજલિ

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબના ચરણપૂજન કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન ભારતીય વાયુસેનાના બે હેલિકોપ્ટર દ્વારા સરદાર સાહેબની પ્રતિમા પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. વડાપ્રધાને સરદાર પટેલના અખંડ ભારતના નિર્માણમાં આપેલા યોગદાન, દૃઢ નેતૃત્વ અને રાષ્ટ્રનિષ્ઠાને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ જાળવવાનો સંકલ્પ વધુ મજબૂત બનાવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

વડોદરાની શાહેના ગાંધીની અગેટ આર્ટવર્ક PMને અર્પણ

વડોદરાનાં કલાકાર શાહેના ગાંધીએ અકીકના પથ્થરોમાંથી તૈયાર કરેલી કલાકૃતિ વડાપ્રધાનને અર્પણ કરી હતી. રાષ્ટ્રીય એકતા દિવસની પરેડ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ચિત્રણ કરતી આ કૃતિ બે અઠવાડિયામાં તૈયાર થઈ હતી. તેમની કળાને 2016માં ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું હતું.

મોદીએ વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લઈ ૧,૧૪૭ બોન્સાઈ નિહાળ્યાં

રાષ્ટ્રીય એકતા દિવસે વડાપ્રધાન મોદીએ એકતાનગરની વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લીધી હતી. અહીં ૬૫ જાતિનાં ૧,૧૪૭ બોન્સાઈ વૃક્ષો નિહાળ્યાં હતાં. મહિલા કારીગરો સાથે સંવાદ કરી બોન્સાઈ કળા અને ઉછેરની પદ્ધતિ જાણી હતી. ૧૮.૬૮ કરોડના ખર્ચે વાટિકા વિકસાવાઈ છે.

એકતાનગરમાં ૯.૪૯ કરોડના રેઇન ફોરેસ્ટનું લોકાર્પણ

સરદાર પટેલની 151મી જન્મજયંતીએ વડાપ્રધાન મોદીએ એકતાનગરમાં 9.49 કરોડના ખર્ચે વિકસિત રેઇન ફોરેસ્ટનું લોકાર્પણ કર્યું હતું. 47 હજાર ચોરસ મીટરમાં ફેલાયેલા પ્રોજેક્ટમાં 220 મીટર લાંબો ગ્લાસ સ્કાયવોક, ધોધ, તળાવ અને વિવિધ વનસ્પતિઓ આકર્ષણરૂપ બનશે.

પોલીસની અટકાયત સામે ખટંબાના સરપંચનો વિરોધ

વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં જતાં અટકાયત કરાયાનો ખટંબા ગામના સરપંચે ત્રિરંગો હાથમાં લઈને વિરોધ નોંધાવ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે રેલીમાં જતાં અધવચ્ચે રોકવામાં આવ્યા હતા. 18 હજાર ગામોના સરપંચો, અધિકારીઓ અને નાગરિકોને કાર્યક્રમના નામે હેરાન ન કરવા વડાપ્રધાનને અપીલ કરી હતી. આવી કાર્યવાહીથી સરકારી કામકાજ પણ પ્રભાવિત થાય છે અને સામાન્ય નાગરિકોની અવરજવરમાં મુશ્કેલી ઊભી થાય છે. તેમણે પોલીસની રોકટોક બંધ કરવાની માગ કરી હતી.

એકતાનગરમાં ભારત પર્વ-૨૦૨૬નો શુભારંભ

સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીની પૂર્વસંધ્યાએ વડાપ્રધાન મોદીએ એકતાનગરમાં 'ભારત પર્વ-૨૦૨૬'નો પ્રારંભ કરાવ્યો હતો. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' થીમ હેઠળ યોજાતા મહોત્સવમાં વિવિધ રાજ્યોનાં પેવેલિયન, હસ્તકલા અને પ્રાદેશિક વ્યંજનો આકર્ષણ બનશે. ૧થી ૧૫ નવેમ્બર દરમિયાન ૫,૦૦૦ કલાકારો સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરશે.

મુખ્યમંત્રીએ ફ્લેગ ઓફ કરાવી એકતા દોડને પ્રસ્થાન કરાવી

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી CMની હાજરીમાં રન ફોર યુનિટી યોજાઈ

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે લેવડાવ્યા એકતાના શપથ, નશામુક્તિના સંદેશ સાથે વહેલી સવારે દોડ્યું વડોદરા

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

લોખંડી પુરુષ ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે આજે વડોદરાના નવલખી ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ-2026 અને રન ફોર યુનિટી કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

નવલખી ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે ગાર્ડ ઓફ ઓનર આપી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રીએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રગાન બાદ પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે ઉપસ્થિત સૌને રાષ્ટ્રીય એકતા અને અખંડ ભારતના શપથ લેવડાવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રન ફોર યુનિટીને ફ્લેગ ઓફ અપાયું હતું. માત્ર ફ્લેગ ઓફ જ નહીં, મુખ્યમંત્રી સ્વયં ઉત્સાહભેર એકતા દોડમાં જોડાયા હતા અને દોડની આગેવાની લીધી હતી, જેને પગલે નાગરિકો અને યુવાનોમાં અદમ્ય ઉત્સાહ અને ભારે જોશ છવાયો હતો. આ દોડમાં યુવાનોએ સે નો ટુ ડ્રગ્સ, સે યસ ટુ લાઈફ ના પ્લે-કાર્ડ્સ સાથે જોડાઈને નશામુક્તિ અને સ્વાસ્થ્ય જાગૃતિનો સંદેશ આપ્યો હતો. વહેલી સવારે દેશભક્તિ અને નશામુક્તિના નારાઓથી નવલખી મેદાન ગુંજી ઉઠ્યું હતું. એક ભારત - શ્રેષ્ઠ ભારતની થીમ પર યોજાયેલા આ કાર્યક્રમમાં વિધાનસભાના મુખ્ય દંડક, મેયર, શહેરના ધારાસભ્યો, કલેક્ટર, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ અધિકારીઓ, વિવિધ એનજીઓ,યોગ સેવકો અને કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

દેશની એકતા,અખંડિતતા અને સુરક્ષા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને પુનઃદોહરાવવાના સંકલ્પ સાથે રાષ્ટ્રીય એકતા દિવસ અને સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે આજે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં પ્રતાપનગર સ્થિત મંડળ કચેરીના પરિસરમાં મંડળ રેલવે મેનેજર રાજુ ભડકેએ અધિકારીઓ અને કર્મચારીઓને એકતાના શપથ લેવડાવ્યા હતા. રાષ્ટ્રીય એકતા દિવસના અવસરે એક ભારત, શ્રેષ્ઠ ભારતની પરિકલ્પના તેમજ તકેદારી જાગૃતિ સપ્તાહની સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ થીમને ધ્યાનમાં રાખીને મંડળ રેલવે મેનેજરના નેતૃત્વ હેઠળ રેલવે કર્મચારીઓએ એકતા દોડમાં ભાગ લીધો હતો.

રૂ.૯૭૦ માગતાં પાનના વેપારી પિતા-પુત્રને કારથી ઢસડ્યા

મલ્હાર પોઈન્ટની પારસ પાન દુકાનમાં મોડી રાત્રે બબાલ, ત્રણ શખસો સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

વડોદરા શહેરના મલ્હાર પોઈન્ટ વિસ્તારમાં પાનની દુકાનમાંથી ખરીદેલા રૂ.970ના સામાનના પૈસા માગતાં કારમાં આવેલા ત્રણ શખ્સોએ પિતા-પુત્ર સાથે ઝઘડો કરી તેમને કારથી ઢસડ્યા હતા. આ ઘટનામાં બંનેને ઈજાઓ થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

વારસીયાના હરિઓમ નગરમાં રહેતા 27 વર્ષીય જય અનિલ ખેરાજમલાની તેમના પિતા અનિલભાઈ અને ભાઈ સાહિલ સાથે ટર્નિંગ પોઈન્ટ કોમ્પ્લેક્સના મલ્હાર પોઈન્ટ ખાતે પારસ પાનની દુકાન ચલાવે છે. ગત 30 ઓક્ટોબરની રાત્રે 2:30 વાગ્યે સિલ્વર કલરની આઈ-20 કાર (GJ-03-LG-9369)માં ત્રણ શખસો આવ્યા હતા. તેમણે સિગારેટ, પ્લાસ્ટિકના ગ્લાસ અને માવા સહિત રૂ.970નો સામાન ખરીદ્યો હતો.

દુકાનદારે પૈસા માગતાં એક શખસે કારમાં બેસીને રૂપિયા આપવાનું કહી સામાન લઈ લીધો હતો. બાદમાં પૈસા આપવાનો ઈનકાર કરી વેપારીના પિતા સાથે ઝઘડો કર્યો હતો. દરમિયાન જય બહાર આવતાં ત્રણેયે પિતા-પુત્રને ગાળો આપી હતી. તેઓ કાર રોકવા જતાં ચાલકે દરવાજાનો કાચ બંધ કરી બંનેના હાથ ફસાવી દીધા હતા અને કાર ઉર્મી સર્કલ તરફ પૂરઝડપે હંકારી હતી. કાર સાથે ઢસડાતાં પિતા-પુત્ર રોડ પર પટકાયા હતા. જયને માથા, પગ, હાથ અને થાપામાં જ્યારે પિતાને માથા, કમર તથા પગમાં ઈજાઓ થઈ હતી. ત્રણેય શખસો સામાનના પૈસા ચૂકવ્યા વિના ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે જયે કારચાલક સહિત ત્રણેય વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સયાજીગંજ ડેરી ડેન અને એરપોર્ટ રૂટ પર દબાણો હટાવાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.31

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સફાઈ અને દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સયાજીગંજના ડેરીડેન સર્કલ ખાતે સરદાર પટેલની પ્રતિમા આસપાસ લાંબા સમયથી ખડકાયેલા લારી-ગલ્લા અને હંગામી દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં.

ટ્રાફિકને અડચણરૂપ બનતાં દબાણો હટાવવા કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર પહોંચી હતી. કાર્યવાહી દરમિયાન રસ્તા પરના અડચણરૂપ સામાન અને લારી-ગલ્લા જપ્ત કરી એક ટ્રક ભરીને કોર્પોરેશનના ગોડાઉનમાં ખસેડવામાં આવી હતી. પ્રતિમા આસપાસનો વિસ્તાર સ્વચ્છ અને દબાણમુક્ત બને તે હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના અન્ય મહત્વના વિસ્તારોમાં પણ દબાણો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

રૂ.૨૫ લાખ દહેજની માગણી સાથે પતિ મારઝૂડ કરતો હતો

દીકરાની ઘેલછામાં પતિએ પત્નીનો ૫ વાર ગર્ભપાત કરાવી સળગાવી દેવાની ધમકી આપી

દીકરો નહીં જન્માવી શકે તેમ કહી મહેણાં-ટોણાં મારતો પતિ વિરુદ્ધ તરસાલીની પત્નીએ નોંધાવી ફરિયાદ,

(પ્રતિનિધિ) વડોદરા, તા. 31

વડોદરાના તરસાલી વિસ્તારમાં લગ્નજીવનને શરમાવે તેવી ગંભીર ઘટના સામે આવી છે. બે દીકરીઓની માતા એવી 43 વર્ષીય પરિણીતાએ પતિ સામે દીકરાની ઘેલછામાં પાંચ વખત બળજબરીથી ગર્ભપાત કરાવ્યાનો, રૂ.25 લાખ દહેજ માગવાનો અને મારઝૂડ કરી સળગાવી દેવાની ધમકી આપ્યાનો આક્ષેપ કર્યો છે. વર્ષો સુધી ત્રાસ સહન કર્યા બાદ આખરે મહિલાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

તરસાલી રોડ પર ગીતાંજલિ ફ્લેટમાં રહેતાં કરુણાબેન મકવાણાએ વર્ષ 2008માં વિજયભાઈ દેવેન્દ્રભાઈ મકવાણા સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. લગ્નજીવન દરમિયાન તેમને બે દીકરીઓ થઈ હતી. કરુણાબેન દરજીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે, જ્યારે પતિ પત્રકાર તરીકે કામ કરે છે.

ફરિયાદ મુજબ, જાન્યુઆરી 2010થી 2019 દરમિયાન કરુણાબેન પાંચ વખત ગર્ભવતી થયાં હતાં. પતિને દીકરો જોઈતો હોવાથી ગર્ભમાં દીકરો છે કે દીકરી તે જાણવા દબાણ કરતો હતો. પત્નીએ ઈનકાર કરતાં મારઝૂડ અને ધમકી આપતો હતો. મેડિકલ સ્ટોરમાંથી ગર્ભપાતની ગોળીઓ લાવી માર મારીને અને જાનથી મારી નાખવાની ધમકી આપીને સંમતિ વિના પાંચ વખત ગર્ભપાત કરાવ્યો હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત દીકરો નહીં જન્માવી શકે તેમ કહી મહેણાં મારવા સાથે પત્ની અને તેના પિયર પક્ષ પાસેથી રૂ.25 લાખની દહેજની માગણી કરતો હતો.

ગત 15 એપ્રિલ 2026ના રોજ રાત્રે તરસાલી શાકમાર્કેટ તરફ જતી વખતે પતિએ કેરોસીન છાંટીને સળગાવી દેવાની ધમકી આપી હતી. ઘરે પરત આવ્યા બાદ આ અંગે દીકરીઓને વાત કરતાં પતિએ ઉશ્કેરાઈ છાતીમાં મુક્કો માર્યો હતો. આ ઘટનાનો વીડિયો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

ત્યારબાદ 22 ઓક્ટોબરે પતિએ ઘર છોડવા દબાણ કરી જાનથી મારી નાખવાની અને ભાડૂતી ગુંડાઓ મોકલવાની ધમકી આપી હતી. ગાળો ભાંડી ધક્કા મારી ઘરમાંથી કાઢી મૂકતાં કરુણાબેન પિયરમાં રહેવા ગયાં હતાં. આખરે તેમણે પતિ સામે ફરિયાદ નોંધાવતાં મકરપુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફતેગંજ બ્રિજ પર નંબર વગરની બસ બંધ પડતાં ડ્રાઈવર મૂકી ફરાર

બ્રિજની વચ્ચે લક્ઝરી બસ મુકી જતાં વાહનોની લાંબી કતારો લાગી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૧

શહેરના ફતેગંજ બ્રિજ પર ગત રાત્રિએ ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. બ્રિજની બરાબર વચ્ચે એક ખાનગી લક્ઝરી બસ અચાનક બંધ થઈ જતાં બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ફતેગંજ બ્રિજ પરથી પસાર થતી ખાનગી બસ અચાનક ટેકનિકલ ખામીના કારણે બંધ થઈ જતાં અડધો રસ્તો બ્લોક થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં આ બંધ પડેલી બસ પર નંબર પ્લેટ પણ લગાડેલી ન હોવાનું સામે આવ્યું છે, એટલું જ નહીં પરંતુ બસના ડ્રાઈવર પણ ઘટનાસ્થળ પરથી નાસી છૂટ્યા હતા. બસ અચાનક વચ્ચે જ બંધ થઈ જવાના કારણે ફતેગંજ બ્રિજ પરથી પસાર થતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકો ટ્રાફિકમાં ફસાઈ ગયા હતા અને ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

ધંધો અને મનોકામના પૂર્ણ કરવા દસ્તાવેજોની પૂજા કરતો હોવાની વિગતો પોલીસને મળી

સોની પરિવાર માત્ર ધાર્મિક માન્યતાઓ જ નહીં, પરંતુ મેનીફેસ્ટિંગની વિચારધારામાં પણ વિશ્વાસ ધરાવતો હતો

મકાન વેચવાના રૂ.33 લાખ લેવાના હતા, છતાં આર્થિક સંકટમાંથી બહાર નીકળવાનો રસ્તો ન મળતાં માતા-પુત્ર-પુત્રીએ જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરાના માંડવી વિસ્તારમાં આવેલી દલા પટેલની પોળમાં સોની પરિવારના સામૂહિક આપઘાતની ઘટનામાં પોલીસને ત્રણ પાનની સુસાઈડ નોટ મળી આવી છે. માતા આરતીબેન, પુત્રી અને પુત્રના મોતથી સમગ્ર શહેરમાં અરેરાટી ફેલાઈ છે. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકટને ઘટનાનું સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે. સુસાઈડ નોટમાં આરતીબેને પરિવારના અંતિમ નિર્ણય પાછળની પરિસ્થિતિ વર્ણવી બે વ્યક્તિઓને હેરાન નહીં કરવા ખાસ વિનંતી કરી છે.

સુસાઈડ નોટના પ્રથમ પાનામાં મકાનના વેચાણ અંગે વિગતો આપવામાં આવી છે. આરતીબેને મકાન શૈલેષભાઈ પટેલને વેચ્યું હોવાનું અને વેચાણ પેટે રૂ.33 લાખ લેવાના બાકી હોવાનું લખ્યું છે. મકાન પર એસબીઆઈ બેંકની લોન હોવાનો પણ ઉલ્લેખ છે. સાથે જ શૈલેષભાઈને મકાન સોંપી દેવા અને તેમને કોઈપણ રીતે હેરાન નહીં કરવા જણાવ્યું છે. પરિવારના સભ્યોને એક પછી એક ગુમાવ્યા બાદ જીવનથી કંટાળીને અંતિમ પગલું ભર્યાનો ઉલ્લેખ પણ કર્યો છે.

આરતીબેને ઘરે કામ કરવા આવતાં ઉષાબેનના સારા સ્વભાવનો ઉલ્લેખ કરી તેમને પણ કોઈ હેરાનગતિ નહીં પહોંચાડવા વિનંતી કરી છે. ત્રીજા પાનામાં પરિવારની આર્થિક સ્થિતિ અને અંતિમ નિર્ણય અંગે વિગતો લખી છે. ત્રણેયે પોતાની મરજીથી આ પગલું ભર્યું હોવાનું નોંધવાની સાથે મૃત્યુ બાદ પોસ્ટમોર્ટમ નહીં કરવા અને હિન્દુ રીતરિવાજ મુજબ અંતિમ સંસ્કાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

તપાસમાં સોની પરિવાર ધાર્મિક માન્યતાઓ ઉપરાંત મેનીફેસ્ટિંગની વિચારધારામાં પણ વિશ્વાસ ધરાવતો હોવાનું સામે આવ્યું છે. પોતાની ઈચ્છાઓ અને સપનાં હકારાત્મક વિચારો દ્વારા સાકાર કરવાની આ વિચારધારા અંતર્ગત પરિવાર ધંધામાં સફળતા અને મનોકામના પૂર્ણ કરવા વિવિધ દસ્તાવેજોનો ઉલ્લેખ કરીને પૂજા કરતો હતો. પોલીસે આવા કાગળો અને દસ્તાવેજો કબજે કર્યા હોવાનું જાણવા મળ્યું છે. હવે સુસાઈડ નોટ, આર્થિક વ્યવહારો અને દસ્તાવેજોના આધારે પોલીસ સમગ્ર ઘટનાની વધુ તપાસ કરી રહી છે.

પ્રા.શિક્ષણ વિભાગમાં મદદનીશ કેળવણી નિરીક્ષકોની બદલી

વડોદરા જિલ્લાના 3 નિરીક્ષકોની આંતરિક બદલી, આણંદના 5 સહિત ખેડા, પંચમહાલ, ભરૂચના નિરીક્ષકોને નવા બીટમાં નિમણૂંક

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યના મદદનીશ કેળવણી નિરીક્ષક (વર્ગ-3) સંવર્ગના 61 વહીવટી કર્મચારીઓની જિલ્લા આંતરિક સ્વ-વિનંતીથી બદલીનો હુકમ કરવામાં આવ્યો છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા આ આદેશ જારી કરાયો છે. જેનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

ખાસ કરીને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં ફેરબદલી કરવામાં આવી છે. વડોદરા જિલ્લામાં 3 અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં ડભોઈના અ-બીટ પર ફરજ બજાવતા ઓઝા નમનકુમાર રમેશચંદ્રની બદલી વડોદરાના બ-બીટમાં કરવામાં આવી છે. વાઘોડિયાના બ-બીટના પંડ્યા દિપેશકુમાર રમેશચંદ્રની અ-બીટ વાઘોડિયામાં બદલી થઈ છે. પાદરાના અ-બીટના પરમાર જીગ્નેશ જશુભાઈની વડોદરા અ-બીટ ખાતે બદલી કરાઈ છે. આ ઉપરાંત આણંદ જિલ્લામાં 5 નિરીક્ષકોની બદલી થઈ છે જેમાં ઉમરેઠ, ખંભાત, પેટલાદ, બોરસદ અને આંકલાવ તાલુકાનો સમાવેશ થાય છે. ખેડા જિલ્લાના ગળતેશ્વરના પટેલ બિલેશકુમાર અમૃતભાઈની કપડવંજના સેવાલિયા વઘાસમાં બદલી કરાઈ છે. પંચમહાલમાં ગોધરા, ઘોઘંબા અને મોરવા હડફ તાલુકામાં પણ ફેરબદલ કરાયો છે. જ્યારે ભરૂચ જિલ્લાના 2, નર્મદાના 2, સુરતના 4 અને તાપીના 1 નિરીક્ષકની પણ આંતરિક બદલીનો સમાવેશ થાય છે. હુકમમાં સ્પષ્ટતા કરાઈ છે કે, આ ફેરબદલી સ્વ-વિનંતીથી હોવાથી વાટા ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં.

પાણીગેટ MGVCL કચેરીમાં કર્મચારીઓની દાદાગીરીથી રોષ

વીજ પુરવઠા બાબતે રજૂઆત કરવા ગયેલા નાગરિકો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન

નાગરિકોને યોગ્ય જવાબ ન મળતા સ્થાનિક કાઉન્સિલર મેદાને આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૧

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં આવેલી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ની કચેરીમાં કર્મચારીઓના કથિત ઉદ્ધત વર્તનને લઈને ભારે હોબાળો થયો હતો. વીજળીની સમસ્યાઓ અને ફરિયાદો લઈને પહોંચેલા સ્થાનિક નાગરિકો તથા મહિલાઓ સાથે અસભ્ય વર્તન કરાયાના આક્ષેપ થતાં મામલો ગરમાયો હતો. ઘટનાને પગલે સ્થાનિક કાઉન્સિલર અજય રબારી પણ કચેરીએ દોડી આવ્યા હતા અને કર્મચારીઓને ઉધડો લીધો હતો.

સ્થાનિક રહેવાસીઓના આક્ષેપ મુજબ, વીજળીની ફરિયાદ માટે કચેરીમાં ફોન કરવામાં આવે ત્યારે કર્મચારીઓ ફોન ઉપાડતા નથી. માંડ ફોન ઉપાડે તો યોગ્ય જવાબ આપતા નથી અને ફરિયાદોનું નિરાકરણ પણ આવતું નથી. લાંબા સમયથી આ સમસ્યાનો સામનો કરતા નાગરિકો દિવાળીના તહેવાર દરમિયાન વીજળીના પ્રશ્નો અંગે રજૂઆત કરવા કચેરીએ પહોંચ્યા હતા.

કચેરીમાં હાજર કર્મચારીઓએ નાગરિકો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હોવાનો આક્ષેપ થતાં બોલાચાલી અને તૂતૂ-મેમના દશ્યો સર્જાયાં હતાં. આ અંગે જાણ થતાં કાઉન્સિલર અજય રબારી સ્થળ પર પહોંચ્યા હતા અને નાગરિકોની રજૂઆતો સાંભળી કર્મચારીઓની ઝાટકણી કાઢી હતી.

કાઉન્સિલર રબારીએ કર્મચારીઓને કડક શબ્દોમાં સંભળાવ્યું હતું કે, 'આ તમારા બાપની જાગીર નથી. જનતા કરવેરો ભરે છે અને તેના નાણાંમાંથી તમને પગાર મળે છે. મહિલાઓ અને સામાન્ય નાગરિકો સાથે વાત કરવાની આ કઈ રીત છે? કામ ન થાય તો સ્પષ્ટ કહી દો, પરંતુ સૌની સાથે સભ્યતાથી વાત કરવી પડશે. તહેવારના સમયે બહેનોને હેરાન કરવાનું બંધ કરો.'

પાણીગેટ MGVCL કચેરીની કામગીરી સામે સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. વીજળીના પ્રશ્નોનું સંતોષકારક અને કાયમી નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી સ્થાનિક રહીશોએ આપી છે.